ક્રિ.કે. નં. ૬૩૦૧૨/૨૪

<u>આંકઃ-૦૧ લગત હુકમ</u>

(૧) આ કામના આરોપી સામે પ્રોહી એકટની કલમ-૬૬(૧)(બી), ૬૫(એ)(એ) મુજબના ગુન્હાનો આરોપ છે. જેમાં આ કામના આરોપીનાઓ હાજર થઇ તેઓએ પોતાની સ્વેચ્છાએ ગુન્હાની કબુલાત કરેલી છે. આરોપી પાસેથી કાયદામાં ઠરાવેલી ૨૦ લીટરની માત્રા કરતા ઓછો મુદ્દામાલ મળી આવેલો છે. તેથી પ્રોહી કલમ-૬૫(એ)(એ) નો ગુન્હો આકર્ષિત થાય છે. આરોપીની રજુઆત છે કે, તેઓનો પ્રથમ ગુન્હો છે. મધ્યમ વર્ગના છે. કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુન્હો નહીં કરવાનું જણાવેલ છે. અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરાવવા બંધાયેલ નથી. તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેના નિવેદનમાં સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુન્હો હોય અને પોતે ભવિષ્યમાં ગુન્હો નહીં કરે તેની ખાત્રી આપી, રહેમ કરવા રજુઆત કરેલ છે. યોગ્ય હુકમ કરવા વિનંતી કરી છે.

(૨) આરોપીએ દયાની માંગણી કરેલ હોઇ, આરોપીની રજુઆત તથા કબુલાત અને કેસના હકીકતો ધ્યાને લેતાં તેમજ <u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨) ૯૭૪</u> ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ <u>ગુજરાત હાઇકોર્ટના ૨૦૦૫(૩) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u> ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતોને ધ્યાને લઈ અદાલતને કાયદામાં કરેલ જોગવાઇ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. તેવા ચુકાદાના સિદ્ધાંતો ધ્યાને લઇ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને હળવી સજા કરી, તથા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઇ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઇ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>- હુકમ -</u>

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે પ્રોહી એકટની કલમ-૬૬(૧)(બી), ૬૫(એ)(એ) મુજબના ગુન્હામાં કસુરવાર ઠરાવી રૂા. ....૧૦૧...../- (અંકે રૂપિયા એકસો એક પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડની રકમ ન ભરે તો દિન-૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે યોગ્ય ઓથોરીટી સમક્ષ રજુ કરી નિયમ મુજબ નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૨૧ માહે-૦૫ સને-૨૦૨૪ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ- અમદાવાદ

તારીખઃ-૨૧ / ૫ /૨૦૨૪

(એ.કે.ભાવસાર)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૪, અમદાવાદ
જી.જે.